# FORM-A

**IN THE COURT OF THE 3rd ADDITIONAL SESSIONS JUDGE, DAHOD AT DAHOD.**
Present:3rd Additional Sessions Judge.
(Date of Judgment :30-09-2024)
**(Sessions Case No.60/2020 & 154-2022)**
Fatepura Police Station First part Cr.No.11821020200509/2020 Ss.306, 498(A), 114 of I.P.C.

| | |
|---|---|
| COMPLAINANT | STATE OF GUJARAT. |
| REPRESENTED BY | Ld. A.P.P. Mr. J. R. Lalpurwala. |
| ACCUSED | (1) Jesingbhai Veljibhai Damor, Age:30, Occupation:Agricultural,<br>(2) Veljibhai Gamnabhai Damor, Age:64, Occupation:Agricultural,<br>(3) Lalitaben W/O Veljibhai Damor, Age:62, Occupation: House Work,<br>All Resi.Nana sarnaya Talav Faliyu, Tal.Fatepura, Dist.Dahod. |
| REPRESENTED BY | Ld. Adv. Mr. S. V. Malek. |

# FORM-B

| | |
|---|---|
| Date of Offence | 08-09-2020 |
| Date of FIR | 08-09-2020 |
| Date of Charge sheet | 07-11-2020 & 04-07-2022 |
| Date of Framing of Charges | 02-12-2021 & 19-12-2022 |
| Date of Commencement of evidence | 18-08-2022 |
| Date on which judgment is reserved | 30-09-2024 |
| Date of the Judgment | 30-09-2024 |
| Date of the Sentencing Order, if any | - |

# Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of S.428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Jesingbhai Veljibhai Damor | 10.09.2020 | 28.11.2020 | Ss.306, 498(A), 114 of I.P.C. | Acquitted | - | - |
| 2 | Veljibhai Gamnabhai Damor | 02.11.2020 | 11.11.2020 | | | | |
| 3 | Lalitaben W/O Veljibhai Damor | 02.11.2020 | 11.11.2020 | | | | |

# <u>FORM-C</u>

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

A. Prosecution:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| PW1 | Somabhai Kaljibhai Pargi | Complainant. |
| PW2 | Mansingbhai Kaljibhai Pargi | Witness. |
| PW3 | Sardaben Mansingbhai Pargi | Witness. |
| PW4 | Umeshbhai Bachubhai Pargi | Witness. |
| PW5 | Fatesingbhai Manjibhai Pargi | Witness. |
| PW6 | Dakshaben Surtanbhai Damor | Panch Witness. |
| PW7 | Dr. Ritesh Kanubhai Rathva | Medical Officer. |
| PW8 | Takhatsih Khusalsih Sisodiya | P.S.O. |
| PW9 | zavarabhai Kaljibhai Pargi | Witness. |
| PW10 | Mr.Chetanbhai Babubhai Barnda | Investigating Officer. |

B. Defence Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

C. Court Witness, if any :

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

A. Prosecution:

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit P-8/PW1 | Complaint. |
| 2 | Exhibit P-20/PW-6 | Arrest Panchnama. |
| 3 | Exhibit P-22/PW-7 | Police Yaadi. |
| 4 | Exhibit P-23/PW-7 | Form-B. |
| 5 | Exhibit P-24/PW-7 | P.M. Report. |
| 6 | Exhibit P-25/PW-7 | Form-2-B. |
| 7 | Exhibit- P-26/PW-7 | P.M. Report. |
| 8 | Exhibit P-27/PW-7 | Form-2-B. |
| 9 | Exhibit P-28/PW-7 | P.M. Report. |

| | | |
|---|---|---|
| 10 | Exhibit P-29/PW-7 | Letter to F.S.L., Surat. |
| 11 | Exhibit P-30/PW-7 | Letter to F.S.L., Vadodara. |
| 12 | Exhibit P-31/PW-7 | Final Cause of Dath Certificate. |
| 13 | Exhibit P-32/PW-7 | Final Cause of Dath Certificate. |
| 14 | Exhibit P-33/PW-7 | Final Cause of Dath Certificate. |
| 15 | Exhibit P-35/PW-8 | Station Diary. |
| 16 | Exhibit P-38/PW-10 | F.S.L. report. |
| 17 | Exhibit P-39/PW-10 | Dispatch note & Certificate. |
| 18 | Exhibit P-40/PW-10 | Dispatch note & Certificate. |
| 19 | Exhibit P-41/PW-10 | F.S.L. report of Surat. |

B. Defence :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| - | - | - |

C. Court Exhibits :

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| - | - | - |

D. Material Objects :

| Sr.No. | Material Object Number | Description |
|---|---|---|
| - | - | - |

Date:30.09.2024
Dahod.

(Harshad Shamrao Khutwad )
3rd Additional Sessions Judge,
Dahod - GJ 00724.

રજીસ્ટરે લીધા તારીખ: ૨૩/૧૧/૨૦૨૦
દાખલ તારીખ : ૨૩/૧૧/૨૦૨૦
નિકાલ તારીખ : ૩૦/૦૯/૨૦૨૪
સમય ગાળો:વર્ષ–૦૩, માસ–૧૦, દિવસ–૧૨.

**દાહોદનાં મે. ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ, મુકામ :દાહોદ.**

**સેશન્સ કેસ નં.૬૦/૨૦૨૦ તથા**
**સેશન્સ કેસ નં.૧૫૪/૨૦૨૨**
**આંક :–૪૬.**

ગુજરાત સરકાર, **........ ફરિયાદી**

વિરૂધ્ધ

(૧) જેસીંગભાઈ વેલજીભાઈ ડામોર,
ઉ.વ.આ.૨૫, ધંધોઃખેતી,
(૨) વેલજીભાઈ ગમનાભાઈ ડામોર,
ઉ.વ.આ.૬૪, ધંધોઃખેતી,
(૩) લલીતાબેન વા/ઓ. વેલજીભાઈ ડામોર,
ઉ.વ.આ.૬૨, ધંધો–ઘરકામ,
તમામ રહે.નાના સરણાયા, તળાવ ફળીયા, તા.ફતેપુરા, જી.દાહોદ. **........આરોપીઓ**

**ગુનો :–** ઈ.પી.કો. ની કલમ–૩૦૬, ૪૯૮(ક),૧૧૪ મુજબ.

**રજુઆત.**

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એ. પી. પી. શ્રી જે. આર. લાલપુરવાલા. |
| આરોપીપક્ષ તરફે :– | વિ. વકીલ શ્રી એસ. વી. મલેક. |

**–:: ચુકાદો ::–**

**૧. ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકતઃ–**

આ કામના ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીની મરણજનાર છોકરી સરસ્વતીબેન ઉ.વ.આ.૩૨ ની ને આરોપીનં.૧ થી ૩ નાઓએ શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી કહેતા હતા કે તને કોઈ કામ કાજ કરતા આવડતુ નથી અને તારે અમોને પુછયા વગર ઘરમાં કોઈ વસ્તુને અડવાનુ નહીં તેમ કહી મેણા ટાંણા મારતા હોય અને કહેતા હતા કે આના કરતા તુ મરી જાય તો સારુ તેમ કહી માનસિક ત્રાસ આપી મરણજનાર સરસ્વતીબેનનીએ તેના પોતાના બાળકો કરણાવતીબેન ઉ.વ.૫ તથા વિરાજ ઉ.વ.૩ માસ ના ને સાથે લઈ કુવાના પાણીમાં પડી આપઘાત કરી ત્રણેય મરણ ગયેલ, જે અંગેની ફરીયાદ ફતેપુરા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.રજી.નં.૧૧૮૨૧૦૨૦૨૦૦૫૦૯/૨૦૨૦

થી આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબનો ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ.

૨. **<u>તપાસ અને ચાર્જશીટ :–</u>**

આ કામે તપાસ કરનાર અધિકારી દ્વારા ગુનાની ફરિયાદ ફતેપુરા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.રજી.નં.૧૧૮૨૧ ૦૨૦૨૦૦૫૦૯/૨૦૨૦થી રજીસ્ટર કરવામાં આવેલ અને ગુનાના સ્થળની મુલાકાત લઈ જરૂરી પંચનામાઓ તૈયાર કરી અને તપાસની કાર્યવાહી દરમ્યાન સાહેદોના નિવેદનો લઈ, આરોપીઓને અટક કરી, ગુનાના કામે આરોપીઓનું અટક પંચનામુ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય તપાસની તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ તપાસ કરનાર અમલદારે તેનુ ચાર્જશીટ ફતેપુરાના વિ. જયુડી. મેજી. શ્રી ની કોર્ટમાં રજૂ કરેલુ અને ચાર્જશીટ ફો. કેસ નં.૨૪૨/૨૦૨૦ થી તથા ફો. કેસ નં.૧૨૩૫/૨૦૨૨થી નોંધાયેલ.

૩. **<u>કમીટલ:–</u>**

આ કામે ચાર્જશીટમાં નોંધાયેલ ગુનાને ધ્યાને લેતાં, ગુનો સેશન્સ ટ્રાયેબલ હોઈ, ફતેપુરાના વિ.જયુડી. મેજીસ્ટ્રેટનાઓએ સદર કેસની કમીટલ અંગેની સંપૂર્ણ કાર્યવાહી કરી કેસ કમીટ કરી, સેશન્સ કોર્ટમાં મોકલી આપેલ. ત્યારબાદ કેસ સેશન્સ કોર્ટમાં રજીસ્ટર થયા બાદ તેને સેશન્સ કેસ નં.૬૦/૨૦૨૦ તથા સેશન્સ કેસ નં.૧૫૪/૨૦૨૨ પાડવામાં આવેલ.

૪. **<u>ચાર્જ અને પ્લી:–</u>**

આ કામના આરોપીનં.૧ સામે ઈ.પી.કો. ની કલમ–૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબના ગુના સબબનુ આંક–૦૫ થી તા.૦૨/૧૨/૨૦૨૧ ના રોજ આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૬ હેઠળ પ્લી વાંચી, સંભળાવી સમજાવી નોંધતા, આરોપીએ ગુનો કર્યા અંગેનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

આ કામના આરોપીનં.૨,૩ સામે ઈ.પી.કો. ની કલમ–૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબના ગુના સબબનુ આંક–૦૫ થી તા.૧૯/૧૨/ ૨૦૨૨ ના રોજ આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૬ તથા આંક–૦૭ હેઠળ પ્લી વાંચી, સંભળાવી સમજાવી નોંધતા, આરોપીઓએ ગુનો કર્યા અંગેનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૫. સદરહું કેસના સમર્થન માટે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ.

**<u>મૌખીક પુરાવા:–</u>**

| અ.નં. | આંક | વિગત | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૭ | સોમાભાઈ કલજીભાઈ પારગી ની જુબાની. | ફરીયાદી |
| ૨ | ૯ | માનસિંગભાઈ કલજીભાઈ પારગીની જુબાની. | સાહેદ |
| ૩ | ૧૧ | શારદાબેન માનસીંગભાઈ પારગીની જુબાની. | સાહેદ |
| ૪ | ૧૨ | ઉમેશભાઈ બચુભાઈ પારગીની જુબાની. | સાહેદ |
| ૫ | ૧૩ | ફતેસીંગભાઈ મનજીભાઈ પારગીની જુબાની. | સાહેદ |
| ૬ | ૧૯ | દક્ષાબેન સુરતાનભાઈ ડામોરની જુબાની | પંચસાહેદ |
| ૭ | ૨૧ | ડો. શ્રી રીતેશ કનુભાઈ રાઠવાની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૮ | ૩૪ | તખતસીંહ ખુશાલસીંહ સીસોદીયાની જુબાની | પી.એસ.ઓ. |
| ૯ | ૩૬ | જવરાભાઈ કલજીભાઈ પારગીની જુબાની | સાહેદ |
| ૧૦ | ૩૭ | ચેતનભાઈ બાબુભાઈ બરંડાની જુબાની | ત.ક.અમલદાર |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદીની ફરીયાદ | ૮ |
| ૨ | આરોપીઓનુ અટક પંચનામુ | ૨૦ |
| ૩ | પોલીસ યાદી. | ૨૨ |
| ૪ | ફોર્મ નં.૨ બી. | ૨૩ |
| ૫ | મરણ જનાર સરસ્વતીબેનની પી.એમ.નોટ. | ૨૪ |

| | | |
|---|---|---|
| ૬ | ફોર્મ નં.૨ બી. | ૨૫ |
| ૭ | મરણજનાર કરણાવતીબેનની પી.એમ.નોટ. | ૨૬ |
| ૮ | ફોર્મ નં.૨ બી. | ૨૭ |
| ૯ | મરણજનાર વિરાજકુમારની પી.એમ.નોટ. | ૨૮ |
| ૧૦ | સુરતનો એફ.એસ.એલ.રીપોર્ટ. | ૨૯ |
| ૧૧ | વડોદરાનો એફ.એસ.એલ.રીપોર્ટ. | ૩૦ |
| ૧૨ | મરણજનારના ડેથ સર્ટીફિકેટો. | ૩૧ થી૩૩ |
| ૧૩ | ઓનલાઈન સ્ટેશન ડાયરી. | ૩૫ |
| ૧૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ. | ૩૮ |
| ૧૪ | રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર. | ૩૯ |
| ૧૫ | રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર. | ૪૦ |
| ૧૬ | વડોદરાનો એફ.એલ.એલ.રીપોર્ટ અસલ. | ૪૧ |

ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ વધુ કોઈ પુરાવા રજૂ કરવા નથી તેવી આંક– ૪૩ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ.

૬. **<u>આરોપીઓનુ વિશેષ નિવેદન:–</u>**

ફરિયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ વધારાનુ નિવેદન ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૧૩ અન્વયે તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીઓએ મોટા ભાગના સવાલોમાં તેઓ કાંઈ જાણતા નથી અને ખોટી વાત છે તેવું જણાવે છે અને વિશેષમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓને ખોટા આક્ષેપો કરી ગુન્હમાં સંડોવી દીધેલ છે.

૭. **<u>દલીલો:–</u>**

આ કામે સરકાર તરફે વિ. પી.પી.શ્રી દલીલ કરતાં જણાવે છે કે, સાંયોગિક પુરાવાને ધ્યાને લેતાં તથા સંજોગો જોતાં આરોપીઓએ ગુનો કરેલાનુ સ્પષ્ટ થાય છે. આરોપીઓનુ વર્તન તથા રજૂ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા તથા સાંયોગિક પુરાવાના આધારે હાલના આરોપી ઓ એ જ ગુનાહિત કૃત્ય કરેલ હોવાનુ પુરવાર થાય છે. જેથી તેઓને કાયદાની જોગવાઈ મુજબ કડક સજા થવી જોઈએ.

૮. આ કામે આરોપી ઓ તરફે વિ.વ.શ્રી એસ. વી. મલેકનાઓ દલીલ કરતાં જણાવે છે કે, તેમના અસીલોએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. મેડીકલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો ડાયટેમની હાજરી મળેલ છે એટલે કે વ્યકિત જાતે કુવામાં પડે તો તે પોઝીટીવ આવે. પી.એમ. નોટમાં પણ ડુબી જવાના મોક નિપજેલાનુ રેકર્ડ પર આવેલ છે. ગુજરનાર પાસે મોબાઈલ છે પરંતુ આઈ.ઓ. દ્વારા તે દરમ્યાન કોની કોની જોડે વાત કરી? તે રેકર્ડ પર લાવેલ નથી તેમજ આઈ.ઓ.ના પુરાવા મુજબ ભોગ બનનાર પાસે મોબાઈલ નથી. જ્યારે સાહેદ માનસીંગ જણાવે છે કે મોબાઈલ હતો. સાહેદનં.૯ નો આંક-૩૬ થી પુરાવો જોતા, ના. ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટના ચુકાદાઓ મુજબ ફક્ત મરી જા બોલ્યા હોય તો મરી જવા માટે દુષ્પ્રેરણ માની શકાય નહી. ફરીયાદ લેનાર તથા આઈ.ઓ. સેમ છે. જેથી તમામ સાહેદોની જુબાનીને તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લ ેતાં આરોપીઓ સામેનો ગુનો પુરવાર થતો ન હોઈ, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારે છે.

૯. <u>કેસના નિર્ણયાર્થે મુદ્દા:-</u>

આ કામે સદરહુ કેસની વિગત તથા રજૂ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાને તેમજ પક્ષકારોની દલીલોને ધ્યાને લેતાં કેસના નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>-:: મુદા :-</u>

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીની મરણ જનાર છોકરી સરસ્વતીબેન ઉં.વ.આ.૩૨ નાનીને આરોપી નં.૧થી ૩ નાઓએ શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી કહેતા હતા કે તને કોઈ કામકાજ કરતા આવડતુ નથી અને તારે અમોને પુછયા વગર ઘરમાં કોઈ વસ્તુને અડવાનુ નહીં તેમ કહી મેણા ટાંણા મારતા હોય અને કહેતા હતા કે આના કરતા તુ મરી જાય તો સારુ તેમ કહી માનસિક ત્રાસ આપી મરણજનાર સરસ્વતીબેન નાએ તેના પોતાના બાળકો કરણાવતીબેન ઉં.વ.૫ તથા વિરાજ ઉં. વ.૩ માસ નાને સાથે લઈ કુવાના પાણીમાં પડી આપઘાત કરી ત્રણેય મરણ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૧૦. <u>ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય:–</u>**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા:–</u>**

**મુદાઓ અંગેના તારણોની ચર્ચા.**

**૧૧.** આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક),૧૧૪ મુજબનો આક્ષેપ મુકેલ છે, જે આક્ષેપ પૂરવાર કરવા અર્થે ફરિયાદપક્ષે જે પૂરાવો રેકર્ડ ઉપર લાવેલા છે તથા બનાવ બાદ સ્થળ ઉપર આવેલ સાક્ષીઓ કે જેઓ હિયર્સે કક્ષામાં આવે છે, તે સાહેદોનો પુરાવો રેકોર્ડ ઉપર આવેલ છે, તે સિવાય બનાવ સમયે બનાવના સંદર્ભમાં કરવામાં આવેલ પંચનામુ અને તેના પંચસાહેદની જુબાની રેકોર્ડ ઉપર આવેલ છે, તે સમગ્ર પૂરાવાને સંકલિત કરી તેનુ મુલ્યાંકન કરવુ જરૂરી છે.

**૧૨.** બંને પક્ષે સાંભળ્યા. આ કામે આરોપી ઓ સામેનો કેસ પુરવાર કરવા માટે હાલના કેસમાં ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવા પૈકી ફરિયાદપક્ષે ફરીયાદી સાહેદનં.૧ સોમાભાઈ કલજીભાઈ પારગીનાઓ આંક–૦૭ થી પુરાવો આપે છે કે, તેઓ તેઓના પરીવાર સાથે રહી ખેતી કરી તેઓનુ ગુજરાન ચલાવે છે. તેઓને વસ્તારમા ૩ છોકરીઓ છે. જેમા સૌથી મોટીનુ નામ કુસુમબેન છે જેના લગ્ન કુંડા ગામે કરેલ છે તે પછીની સરસ્વતીબેન છે તેના લગ્ન નાના શરણૈયા ગામે દસેક વર્ષ અગાઉ કરાવેલા છે. તેના પછી અસ્મિતાબેન છે. તેઓની છોકરી સરસ્વતીના લગ્ન નાની શરણાયા ખાતે રહેતા જેસીગભાઈ વેલજીભાઈનાઓ સાથે દસેક વર્ષ અગાઉ કરાવેલા. જેને સંતાનમાં ૧ છોકરો તથા ૧ છોકરી હતા. સંતાનમાં ૧ છોકરી કર્ણાવટીબેન તથા ૧ છોકરો વિરાજ છે જે ૩ મહિનાનો હતો. તેઓની છોકરીને તેઓનો જમાઈ જેસીગભાઈ, તેની સાસુ લીલાબેન તથા તેના સસરા વેલજીભાઈનાઓ તેઓની દિકરીને ત્રાસ આપતા હતા અને તેને મારમારીને મારી નાંખેલ. તેને તેના પતિ તથા સાસુ સસરા તુ કેમ ઘરમાં વસ્તુને અડી? તેમ કહી તુ શુ કરવા જીવે?, મરી જા તેમ કહી તેને ખૂબ ત્રાસ આપતા હતા. જેથી તે રીસાઈને તેઓના ઘરે આવતી રહેલી. જેથી તેઓ તથા ફતેસીહ મનજી તેને સમજાવી અને તારે નાના છોકરા છે તેમ કહી તેને ઘરે તેની સાસરીમાં મોકલી આપતા હતા અને તેઓએ તેમના જમાઈ તથા તેના સાસુ સસરાને કહેલ કે તેઓની છોકરીને સારી રીતે રાખજો અને તેને ત્રાસ આપશો નહી તેમ કહી તેને મોકલી આપતા હતા. તેઓની છોકરી તેની સાસરીમાં રહેલી તે સમયે તેઓનો જમાઈ તેને ગાળો બોલતા હતા. વધુમાં તેઓ જણાવે છે કે, ત્યારબાદ ૧૫–૨૦ દિવસ પછી તેઓ તથા તેઓની દિકરી અસ્મિતા તેઓના ઘરે હતા તે વખતે તેઓનો ભત્રીજો ફતેસીગ મનજીનાઓ

તેઓના ઘરે આવેલા તે વખતે તેણે તેઓને જણાવેલુ કે ઉમેશભાઈ બચુભાઈનાઓનો ફોન આવેલો અને કહેલ કે તમારી છોકરી સરસ્વતી અને બંને ભાણા ભાણીઓ કુવામાં પડીને મરી ગયેલ છે. જેથી તેઓ તથા તેઓના ગામના ૫ માણસો નાના શરણાચા મુકામે ગયેલા. તે વખતે તેઓની દિકરી તથા તેના બંને બાળકો ની લાશને કુવામાંથી કાઢીને કુવાથી ૧૦૦ ફુટ દુર ખાટલા ઉપર સુવડાવેલ હતા. તેઓની દિકરીને રાત્રીના ૨ વાગ્યે જેસીગકુમાર તથા તેની માતાએ માર મારેલો. તેઓની દિકરી તથા ૨ છોકરાઓને તેઓના જમાઈ જેસીગભાઈએ મારી નાંખેલા જેથી તેઓએ તેમના જમાઈ તેની માતા તથા તેના પિતા સામે ફતેપુરા મુકામે ફરીયાદ કરેલી. તેઓની દિકરીને તેના સાસુ સસરા તથા પતિ ત્રાસ આપતા હતા. તેઓને ફરીયાદ બતાવતા જેમાં ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક-૮થી રજુ કરેલ. આરોપી તેઓના જમાઈ થતા હોય ઓળખી બતાવેલ. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે તેઓની મરણજનાર દિકરી અને આરોપીના લગ્ન એકબીજાની પસંદગીથી થયેલા. તેઓ સ્વિકારે છે કે, આરોપીએ તેના માતાપિતાનો એક માત્ર દિકરો છે. તેઓ સ્વિકારે છે કે, વારે તહેવારે તેઓની દિકરી તથા ભાણીચાઓને આરોપી તેઓના ઘરે મોકલતા હતા. તેઓ સ્વિકારે છે કે, તે તેઓના ઘરે આવતા ત્યારે હસીખુશીથી રહી અને રાજીખુશીથી પરત જતા હતા. તેઓ સ્વિકારે છે કે, તેઓની મરણજનાર દિકરી મરણ ગઈ તેના ૩ માસ અગાઉ તેણે દિકરાને જન્મ આપેલો. તેઓ સ્વિકારે છે કે, તે વખતે તેણીનુ ઓપરેશન કરવામાં આવેલ હતુ. તેઓ સ્વિકારે છે કે, તેઓની દિકરીનુ ઓપરેશન થયેલ હોય ડો.એ તેને આરામ કરવાનુ જણાવેલુ અને કામ કરવાની ના પાડેલી. તેઓ સ્વિકારે છે કે, ડીલીવરીના સમયગાળામાં તેઓની દિકરી આરોપીના સાથે સાસરીમાં રહેતી હતી. તેઓ સ્વિકારે છે કે, ડીલીવરી બાદ તેઓની પુત્રી તેના પુત્રને લઈને તેઓના ઘરે આવેલી ન હતી. તેઓ સ્વિકારે છે કે, બનાવ અગાઉ કચારેચ આરોપી અને તેના માતા પિતાએ તેઓની દિકરીને શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોય તેની તેઓ એ કે તેઓની દિકરીએ ફરીચાદ કરેલી ન હતી. તેઓ સ્વિકારે છે કે, તેઓની દિકરી તેના લગ્નજીવન દરમ્યાન ઘરનુ તમામ કામકાજ કરતી હતી. તેઓ સ્વિકારે છે કે, બનાવની જાણ થતાં તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા, તે જગ્યાએ પોલીસ કર્મચારીઓ તથા ગામના માણસો સ્થળ ઉપર હાજર હતા. તેઓ સ્વિકારે છે કે, દિકરીની અંતિમવિધી આરોપી તથા તેના સાસરીના સભ્યોએ કરેલી. તેઓ જણાવે છે કે તેઓની સાથે ફરીચાદ કરવા ગામના આગેવાનો તથા સરપંચ આવેલા હતા. તેઓ સ્વિકારે છે કે, તેઓએ ફરીયાદ વાંચેલી નથી. તેઓ સ્વિકારે છે કે, ફરીયાદમાં શું લખેલુ હતુ? તે તેઓને ખબર નથી. તેઓ સ્વિકારે છે કે, તેઓએ લખેલ ફરીયાદમાં સહી કરેલી. આમ, સદર સાહેદ ફરીચાદી છે અને ભોગ બનનારા પિતા તથા દાદા છે, તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ સ્વીકારેલ કે તેઓની દીકરી તથા આરોપીના લગ્ન એકબીજાની પસંદગીથી થયેલા, બનાવ અગાઉ ક્યારેચ આરોપીઓએ તેઓની દિકરીને શારીરિક-માનસિક ત્રાસ આપેલ હોય તેની તેઓએ કે તેઓની દિકરીએ ફરીચાદ કરેલી ન હતી. જ્યારે સાહેદ ફતેસીંહ અને તેઓ

દીકરીને સમજાવી તેને સાસરીમાં મોકલી આપતા હતા અને આરોપીઓને કહેલ કે છોકરીને સારી રીતે રાખજો અને ત્રાસ આપશો નહી પરંતુ સાહેદ ફતેસીંહના પુરાવા સાથે મુલવણી કરવામાં આવે તો તેમણે ઉલટતપાસમાં સ્વીકારેલ કે તેઓના ગામમાં કોઈપણ છોકરીને ત્રાસ જેવુ હોય તો તેઓના ગામનુ પંચ ભેગુ થાય છે અને લખાણ પણ કરવામાં આવે છે. બંને સાહેદોના પુરાવામાં આ હકીકતોનો વિરોધાભાસ આવે છે અને તેવુ કોઈ લખાણ કરેલ હોય કે પંચ ભેગુ થયેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી અને સાહેદે તેઓએ કે તેઓની દિકરીએ તેના માનસિક શારીરિક ત્રાસ અંગે કોઈ ફરીયાદ કરેલ નથી. ઉપરાંત, સદર સાહેદની સરતપાસમાં જણાવ્યા મુજબ તેઓની દિકરીને આરોપીઓએ ત્રાસ આપતા હતા અને તેને માર મારીને મારી નાંખેલાની હકીકતો જણાવે છે પરંતુ મેડીકલ પુરાવામાં તેવી કોઈ માર મારેલાની હકીકતો રેકર્ડ પર આવતી નથી. સાહેદની દિકરીને સંતાનમાં ૨ બાળકો હોવાનુ રેકર્ડ પર હોય ત્યારે આરોપીઓ "તુ કેમ ધરમાં વસ્તુને અડી તેમ કહી તુ શુ કરવા જીવે, મરી જા તેમ કહી તેને ખુબ ત્રાસ આપતા હતા" તે પ્રસ્થાપિત કરવા ફરીયાદપક્ષે સચોટ અને સ્પષ્ટતા સાથેનો અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. જેથી સદર સાહેદના પુરાવા આધારે મરણજનારી તેઓની દિકરીએ માનસિક શારીરિક ત્રાસને કારણે કૃત્ય કરેલ હોય તેવો કોઈ જ સચોટ અને સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી.

<u>૧૨.૧.</u> ફરીયાદપક્ષે સાહેદનં.ર માનસિંગભાઈ કલજીભાઈ પારગીનાઓ આંક–૦૯થી પુરાવો આપે છે કે, આ કામે મરણ જનાર સરસ્વતી તેઓના ભત્રીજી થતા હતા. જેઓના મોત બાબતે તેઓના ભાઈ સોમાભાઈ કલજીભાઈનાઓએ ફરીયાદ લખાવેલી. તા.૮/૯/૨૦૨૦ના રોજ તેઓ ગોધરા તેઓની નોકરી પર હતા ત્યારે તેઓના ભત્રીજા ફતેસિંહ પરગીનાઓનો ફોન આવેલો અને જણાવેલુ કે ભત્રીજી તેના ૨ છોકરાઓને સાજે લઈ કુવામા પડી મરણ ગયેલ છે. જેથી તેઓ તથા તેઓની પત્નિ શારદાબેન ગોધરાથી ગામ નાના શરણાઈ મુકામે ગયેલા. નાના શરણાઈ ગામે તેઓ તેના ઘરે ગયેલા અને જોયેલ તો કુવાથી ૨૫ ફૂટ દુર ૩ લાશ પડેલી હતી. તે જગ્યાએ તેઓના ભત્રીજીના સાસરીપક્ષના નજીકના માણસો હાજર હોઈ તેમને પુછતા જણાવેલ કે રાત્રીના સમયે કુવામા પડી ગયેલ છે અને ફરીયાદ કરેલ છે કે તે બાબતે પુછતા જણાવેલ કે તેઓએ ફરીયાદ કરેલ નથી. વધુમા તેઓ જણાવે છે કે, મરણજનાર તેઓની ભત્રીજીને તેની સાસરીમા લગ્ન પછી તેના સસરા વેલજીભાઈ ગમનાભાઈ, સાસુ લલીતાબેન વેલજીભાઈ તથા જમાઈ જોડે અવાર–નાવર ઘર કંકાસ થયા કરતો હતો. જે તેમના કામ બાબતે હશે તેમછતા તેઓ તેઓની ભત્રીજીને ૨ બાળકો હોઈ તેને સમજાવીને ફરી પાછા તેના ઘરે મોકલતા હતા. તેમછતા મોકલ્યા બાદ તેઓની ભત્રીજી જોડે તેના સાસુ–સસરા ઝગડા કરતા હતા તેવુ તેઓને તેઓની ભત્રીજી સરસ્વતિ જણાવતી હતી. તેઓની ભત્રીજી તથા તેના ૨ દિકરાઓ સાથે કુવામા પડી ગયેલ જેને તેના સાસરીવાળા ત્રાસ આપતા હશે જેથી તેણે આવું કરેલ હશે. જેથી તેઓના ભાઈએ ફતેપુરા પોલીસ સ્ટેશનમા આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી.

પોલીસે તેઓનો જવાબ લીધેલ નથી પોલીસે તેઓને બનાવ બાબત વિગતો પુછેલી. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે ફરીયાદી તેઓના ભાઈ થાય છે આરોપીના મરણજનાર સાથે ૧૦ વર્ષ અગાઉ લગ્ન થયેલા. તેઓ સ્વિકારે છે કે, તેઓના સમાજમાં કોઈ દિકરીને દુ:ખ હોય તો સામાન્યરીતે પંચ ભેગુ થતુ હોય છે. તેઓ સ્વિકારે છે કે, પંચ ભેગુ થયેલ તે વખતે કોઈ લખાણ થયેલુ નહીં. તેઓ સ્વિકારે છે કે, મરણજનારનુ મૃત્યુ થયેલ તેના ૩ માસ અગાઉ તેની ડિલેવરી થયેલી. તેઓ સ્વિકારે છે કે, આરોપી તથા તેના પિતા આવેલા. તેઓ સ્વિકારે છે કે, ડિલે વરી બાદ મરણજનારને તેની સાસરીમાં રાજીખુશીથી લઈ ગયેલા. તેઓ સ્વિકારે છે કે, મરણજનાર પોતાનો મોબાઈલ ધરાવતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેણીની મોબાઈલ વાપરતી હતી તે કોનો હતો તે તેઓને ખબર નથી. તેઓ સ્વિકારે છે કે, ડિલેવરી બાદ મરણજનારને કોઈ ત્રાસ હોઈ તે અંગે પંચ ભેગુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓ સ્વિકારે છે કે, મરણજનારને સાસરીમાં લઈ ગયા બાદ તેની તેના સાસરાના સભ્યો સાથે મનભેદ થયેલ હોય તેવી કોઈ હકીકત તેઓના જાણમાં આવેલ નથી. તેઓ જણાવે છે કે પોલીસે તેઓને નિવેદન લેવા માટે બોલાવેલા હોય તેવુ બનેલ નથી. તેઓ સ્વિકારે છે કે, મરણજનાર સાથે તેઓની વાતચીત થતી હતી તેવુ તેઓએ પોલીસને જણાવેલ ન હતું. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ સ્વીકારેલ કે ડીલીવરી બાદ મરણજનારને તેની સાસરીમાં તેના પતિ તથા સસરા રાજીખુશીથી લઈ ગયેલા અને મરણજનારને સાસરીમાં લઈ ગયા બાદ તેને તેના સાસરીના સભ્યો સાથે મનભેદ થયેલ હોય તેવી કોઈ હકીકત તેઓના જાણમાં આવેલ નથી. જેથી આક્ષેપિત બનાવમાં આરોપીઓની કોઈ સંડોવણી હોવા અંગે સચોટ અને સ્પષ્ટ પુરાવો આવેલ નથી.

<u>૧૨.૨</u> ફરીયાદપક્ષે સાહેદનં.૩ શારદાબેન માનસીંગભાઈ પારગીનાઓ આંક-૧૧થી પુરાવો આપે છે કે, આ કામે મરણ જનાર સરસ્વતી તેઓની ભત્રીજી થતા હતા. જેઓના મોત બાબતે તેઓના ભાઈ સોમાભાઈ કલજીભાઈનાઓએ ફરીયાદ લખાવેલી. તા.૮/૯/૨૦૨૦ના રોજ તેઓ ગોધરા તેઓની નોકરી પર હતી. ત્યારે તેઓના ભત્રીજા ફતેસિંહ પરગીનાઓનો ફોન આવેલો અને જણાવેલુ કે ભત્રીજી તેના ૨ છોકરાઓને સાથે લઈ કુવામા પડી મરણ ગયેલ છે. જેથી તેઓ તથા તેઓના પતિ ગોધરાથી ગામ સરાડ મુકામે ગયેલ અને ત્યાંથી કુંટુંબીજનો સાથે ગામ નાના શરણાઈ મુકામે ગયેલા. નાના શરણાઈ ગામે તેઓ તેના ઘરે ગયેલા અને જોયેલ તો કુવાની બાજુમાં ૩ લાશ પડેલી હતી. વધુમા તેઓ જણાવે છે કે, મરણજનાર તેઓની ભત્રીજીને તેની સાસરીમા લગ્ન પછી તેના સસરા વેલજીભાઈ ગમનાભાઈ, સાસુ લલીતાબેન વેલજીભાઈ તથા જમાઈ જોડે અવાર-નવાર ઘર કંકાસ થયા કરતો હતો. જે તેમના કામ

બાબતે હશે તેમછતા તેઓ તેઓની ભત્રીજીને ૨ બાળકો હોઈ તેને સમજાવીને ફરી પાછા તેના ઘરે મોકલતા હતા. તેઓની ભત્રીજી તથા તેના ૨ દિકરાઓ સાથે કુવામા પડી ગયેલ અને ત્યારબાદ સ્થળ પર પોલીસ હાજર હોય લાશનુ પી.એમ. કરવા સારુ સરકારી દવખાને લઈ ગયેલ. પોલીસે તેઓનો જવાબ લીધેલ નથી. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે બનાવ સમયે તેઓ તેઓના પરીવાર સાથે ગોધરા મુકામે હતી. તેઓ સ્વિકારે છે કે, બનાવ અગાઉ સરસ્વતીને પ્રસુતી થયેલ હતી. તેઓ સ્વિકારે છે કે, આ પ્રસુતિ સમયે તેને ઓપરેશન બાળક લીધેલ. તેઓ સ્વિકારે છે કે, પ્રસુતી બાદ આરોપીઓ સરસ્વતીને સારી રીતે લઈ ગયેલા, સરસ્વતીબેનને પ્રસુતી સમયે ઓપરેશન થયેલ હોય ડોકટરશ્રીએ તેને કામ નહીં કરવા બાબતે પરીવારના લોકોને જણાવેલ હતુ. તેઓ સ્વિકારે છે કે, હાલ આક્ષેપિત બનાવ સંબંધે તેઓને કોઈ જાતમાહિતી નથી. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ સ્વીકારેલ કે ડીલીવરી બાદ મરણજનારને તેની સાસરીમાં આરોપીઓ સારી રીતે લઈ ગયેલા અને બનાવ સંબંધે તેઓને કોઈ જાતમાહિતી નથી. જેથી આક્ષેપિત બનાવમાં આરોપીઓની કોઈ સંડોવણી હોવા અંગે સચોટ અને સ્પષ્ટ પુરાવો આવેલ નથી.

<u>૧૨.૩</u> ફરીયાદપક્ષે સાહેદનં.૪ ઉમેશભાઈ બચુભાઈ પારગીનાઓ આંક–૧૨થી પુરાવો આપે છે કે, તેઓ સરાડ ગામે તેઓના પરિવાર સાથે રહી ખેતીકામ તથા આગેવાન તરીકે સેવા આપે છે. તેઓની પત્નિ ઉષાબેન જેઓ સને ૨૦૨૦માં સરપંચ તરીકે ફરજ બજાવતા હતા. બનાવ અઢી વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે નાના શરણાઈ ગામેથી તેમજ ફતેપુરા પો.સ્ટે.થી તેઓના પર ફોન આવેલો, જાણ કરેલ કે સરાડ ગામે સોમાભાઈ કલજીભાઈ પારગીની છોકરી જેના લગ્ન શરણાઈઆ ગામે કરેલા છે તે કોઈક કારણોસર નાના છોકરાઓને લઈને કુવામા પડી ગયેલ છે તો તમે છોકરીના પિતાને જાણ કરો. જેથી તેઓએ છોકરીના કાકા ફતેસીગભાઈ મલજીભાઈ નાઓને મોબાઈલ પર ફોન કરી જાણ કરેલી અને ત્યારબાદ તેઓ સોમાભાઈના ઘરે ગયેલા અને ત્યાં તેમના કાકા વિગેરેનાઓ આવતા બધા ભેગા થયેલા અને પછી તેઓ બધા નાના શરણાઈઆ ગામે છોકરીની સાસરીમાં ગયેલા અને તેના ઘર નજીક આવેલ કુવા પાસે ઘણા માણસો તેમજ પોલીસ હાજર હોય તેઓ ત્યાં કુવા પાસે ગયેલા અને જોયેલ તો સોમાભાઈ ની છોકરી સરસ્વતીબેન તથા તેના ૨ છોકરા મરણ ગયેલી હાલતમાં કુવાની બહાર મુકેલ હતા અને તે બાબતે ભેગા થનાર માણસોથી જાણવા મળેલ કે, રાત્રીના સમયે તેઓ ઉંઘી ગયેલા અને સવાર થતા સરસ્વતી ઘરે જોવા ન મળતા આજુબાજુમા તથા કુવામાં તપાસ કરતા છોકરી તેમજ તેના બંને છોકરાઓની લાશ મળી આવેલ. ત્યારબાદ બધા ભેગા થઈ પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાં છોકરીના પિતા સોમાભાઈએ બનાવની ફરીયાદ આપેલી અને ત્યારબાદ ત્રણેની લાશને ફતેપુરા સરકારી દવાખાને લાવેલા અને મોડી સાંજ થયેલ હોય લાશનુ પી.એમ.

થયેલ નહી અને બીજે દીવસે પી.એમ. કરાવેલ અને પી.એમ. કર્યા બાદ સોમાભાઈને સોપેલ અને ત્યારબાદ સરસ્વતીની સાસરીમાં સમાજના રીતરીવાજ મુજબ અંતિમ ક્રિયા કરવામાં આવેલી. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને યોગ્ય સમર્થન આપતા ન હોઈ તેઓને ઉલટતપાસમાં પુંછી શકાય તેવા સીધા પ્રશ્નો પુંછવાની પરવાનગી માંગતા તે મંજુર કરવા છતાં, તેઓ લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. બચાવપક્ષે તેઓની ઉલટતપાસમાં કરવામાં આવેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો મરણજનારની અંતિમક્રિયા આરોપીઓને ત્યાં કરવામાં આવેલાની હકીકતો રેકર્ડ પર આવેલ છે. ઉપરાંત, બનાવ આરોપીઓને કારણે બનાવ પામેલ હોય તેવુ રેકર્ડ પર સ્પષ્ટ થયેલ નથી. જેથી સદર સાહેદ તટસ્થ સાહેદ કહી શકાય પરંતુ તેઓના પુરાવાથી આરોપીઓને કારણે બનાવ બનેલ હોવાનુ કે આરોપીઓ દ્વારા માનસિક શારીરિક ત્રાસને કારણે બનવા પામેલ હોવા અંગે કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી.

૧૨.૪ ફરીયાદપક્ષે સાહેદનં.૫ ફતેસીંગભાઈ મનજીભાઈ પારગીનાઓ આંક–૧૩થી પુરાવો આપે છે કે, તેઓ સરાડ ગામે તેઓના પરિવાર સાથે રહી ખેતીકામ કરે છે. બનાવ અઢી વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ તેઓના ઘરે હતા. તે વખતે તેઓના ગામના ઉમેશભાઈ બચુભાઈ પારગીનાઓનો તેઓના પર ફોન આવેલો અને વાત કરેલ કે, સરાડ ગામે સોમાભાઈ કલજીભાઈ પારગીની છોકરી જેના લગ્ન શરણાઈઆ ગામે કરેલા તે કોઈક કારણોસર નાના છોકરાઓને લઈને કુવામા પડી ગયેલ છે. જેથી તેઓએ તરત જ સોમાભાઈને જાણ કરેલી અને સોમાભાઈના ભાઈ માનસીગભાઈ કલજીભાઈને તેમને પણ જાણ કરેલી. ત્યારબાદ તેઓ સોમાભાઈના ઘરે ગયેલ અને ત્યાં તેમના કાકા વિગેરેનાઓ આવતા બધા ભેગા થયેલા અને પછી તેઓ બધા નાના શરણાઈઆ ગામે છોકરીની સાસરીમાં ગયેલા અને તેના ઘર નજીક આવેલ કુવા પાસે ઘણા માણસો તેમજ પોલીસ હાજર હોય તેઓ ત્યાં કુવા પાસે ગયેલા અને જોયેલ તો સોમાભાઈની છોકરી સરસ્વતીબેન તથા તેના ૨ છોકરા મરણ ગયેલી હાલતમાં કુવાની બહાર મુકેલ હતા અને તે બાબતે ભેગા થનાર માણસોથી જાણવા મળેલ કે, રાત્રીના સમયે તેઓ ઉંઘી ગયેલા અને સવાર થતા સરસ્વતી ઘરે જોવા ન મળતા આજુબાજુમા તથા કુવામાં તપાસ કરતા છોકરી તેમજ તેના બંને છોકરાઓની લાશ મળી આવેલ. ત્યારબાદ બધા ભેગા થઈ પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાં છોકરીના પિતા સોમાભાઈએ બનાવની ફરીયાદ આપેલી અને ત્યારબાદ ત્રણેની લાશને ફતેપુરા સરકારી દવાખાને લાવેલા અને મોડી સાંજ થયેલ હોય લાશનુ પી.એમ. થયેલ નહી અને બીજે દીવસે પી.એમ. કરાવેલ અને પી.એમ. કર્યા બાદ સોમાભાઈને સોપેલ અને ત્યારબાદ સરસ્વતીની સાસરીમાં સમાજના રીતરીવાજ મુજબ અંતિમક્રિયા કરવામાં આવેલી. તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી. આ બનાવ બાબતે તેઓને સોમાભાઈ સાથે કોઈ વાતચીત થયેલી નથી. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની

હકીકતોને યોગ્ય સમર્થન આપતા ન હોઈ તેઓને ઉલટતપાસમાં પુંછી શકાય તેવા સીધા પ્રશ્નો પુંછવાની પરવાનગી માંગતા તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓએ સ્વીકારેલ કે તેઓએ તા.૦૯/૦૯/૨૦૨૦ના રોજના પોલીસ રૂબરૂના જવાબમાં એવુ લખાવેલ છે કે, ત્યાં વાતોવાતથી એવુ જાણવા મળેલ કે, આ સરસ્વતીબેન ના લગ્ન પછી જમાઈ જેસીંગભાઈ તથા તેના સાસુ સસરા તેણીને મેણા ટોણા મારી ત્રાસ આપતા હતા, જેથી તે રીસાઈને સોમાભાઈને ઘરે આવતી અને તેનુ ઘરસંસાર ન બગડે તે માટે સોમાભાઈનાઓ તેણીને સમજાવીને તેની સાસરી મોકલી આપતા તેવુ તેઓએ જાણેલુ. તેઓ સ્વીકારે છે કે આ મરણજનાર છોકરીને તેના પતિ તથા તેના સાસુ સસરા અવાર નવાર ત્રાસ આપતા હોવાથી તેને સહન ન થતા તેણીએ તેના બંને છોકરાઓને લઈને કુવામાં પડી મરણ ગયેલી. <u>બચાવપક્ષે</u> ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે ફરીયાદી સોમાભાઈ તેઓ ના કુટુંબી કાકા થાય છે, તેઓનુ ઘર અને સોમાભાઈનુ ઘર ૧૦ મીટરના અંતરે આવેલ છે, તેઓના ફળીયામાં બીજા લોકોના ઘરો પણ આવેલા છે. તેઓ સ્વિકારે છે કે, સરસ્વતીબેન અને જેસીંગભાઈના લગ્નોનો સમય આશરે ૧૦ વર્ષ ઉપરાંતનો થયેલ છે. તેઓ સ્વિકારે છે કે, સરસ્વતીબેન તથા તેના પતિ જેસીંગભાઈ વાર તહેવારે સોમાભાઈના ઘરે મળવા માટે આવતા હતા. તેઓ સ્વિકારે છે કે, સરસ્વતી ગુજરી ગઈ તે પહેલાં ૨ માસ અગાઉ તેણીને ડીલીવરી થયેલી. તેઓ સ્વિકારે છે કે, ડીલીવરી થઈ ત્યારે સોમાભાઈ તથા જેસીંગભાઈના ઘરવાળા લોકો ભેગા થયેલા, ડીલીવરી સમયે તેઓ ગયેલ નહીં. તેઓ જણાવે છે કે ડીલીવરી બાદ સરસ્વતીબેને ૧ માસ સુધી તેના પિતાને ત્યાં રહેલા, ત્યારબાદ જેસીંગભાઈ તેડવા માટે આવેલા અને તેમના ઘરે લઈ ગયેલા. તેઓ સ્વિકારે છે કે, જેસીંગભાઈ તેડવા આવેલા ત્યારે તેઓ હાજર ન હતા, સરસ્વતીબેન તેના પિતાને ત્યાં સારી રીતે રહેલા. તેઓ સ્વિકારે છે કે, તેઓના ગામમાં કોઈપણ છોકરીને ત્રાસ જેવુ હોય તો તેઓના ગામનુ પંચ ભેગુ થાય છે અને લખાણ પણ કરવામાં આવે છે. તેઓ સ્વિકારે છે કે, સોમાભાઈએ ગામનુ પંચ ભેગુ કરેલુ. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો મરણજનારની અંતિમક્રિયા આરોપીઓને ત્યાં કરવામાં આવેલાની હકીકતો રેકર્ડ પર આવેલ છે. ઉપરાંત, ફરીયાદી મરણજનારના પિતાના પુરાવામાં સોમાભાઈએ ગામનુ પંચ ભેગુ કરેલુ તેવી હકીકતો આવેલ નથી જ્યારે સદર સાહેદ પંચ ભેગુ કરેલાની હકીકતો જણાવે છે અને પંચ ભેગુ કરેલ હોય તો તે અંગે કોઈ લખાણ રેકર્ડ પર આવેલ નથી. વળી, ફરીયાદીના પુરાવામાં સદર સાહેદ અને ફરીયાદીએ સમજાવીને સાસરીમાં મોકલાવેલ પરંતુ તેવી કોઈ હકીકતો પુરાવામાં જણાવતા નથી તેમજ મ્હેણા ટોણા કઈ બાબતે અને શું બોલતા હતા તેનો કોઈ પુરાવો બંનેના પુરાવાથી સ્પષ્ટ જણાય આવતા નથી. સદર સાહેદના પુરાવામાં ફરીયાદીએ જણાવેલ હકીકતો કે "તુ કેમ ઘરમાં વસ્તુને અડી તેમ કહી તુ શુ કરવા જીવે, મરી જા તેમ કહી તેને ખુબ ત્રાસ આપતા હતા" તેવી કોઈ હકીકતો જણાવેલ નથી. જેથી સદર બનાવ આરોપીઓને કારણે બનાવ પામેલ હોય તેવુ રેકર્ડ પર સ્પષ્ટ થયેલ નથી. જેથી સદર સાહેદ તટસ્થ સાહેદ કહી શકાય પરંતુ તેઓના પુરાવાથી આરોપીઓને કારણે બનાવ બનેલ હોવાનુ કે

આરોપીઓ દ્વારા માનસિક શારીરિક ત્રાસને કારણે બનવા પામેલ હોવા અંગે કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી.

૧૨.૫ ફરીયાદપક્ષે પંચસાહેદનં.૬ દક્ષાબેન સુરતાનભાઈ ડામોરઓ આંક–૧૯થી પુરાવો આપે છે કે, તેઓને આજથી આશરે ૨ વર્ષ પહેલા ફતેપુરા પોલીસે આરોપી વેલજીભાઈ ગમનાભાઈ ડામોર તથા આરોપી લલીતાબેન વેલજીભાઈ ડામોરનાઓને પકડેલ હોય અને તેઓનુ અટક પંચનામુ કરવાનુ હોય તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવી સમજ કરેલી. તેઓની હાજરીમાં આરોપીઓનુ અટક પંચનામુ કરેલ. તેઓને પોલીસ પેપર્સમાંથી અસલ પંચનામુ બતાવતા જેમાં પંચનં.૩ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ તથા તેઓની સાથે બીજા પંચ નરેશભાઈ ભલાભાઈ ડામોર તથા શૈલેષભાઈ પરથીભાઈ દામાનાઓએ પણ પંચો તરીકે સહીઓ કરેલી જે અસલ પંચનામુ આંક–૨૦થી રજુ કરેલ. વધુમાં તેઓ જણાવે છે કે આરોપીઓને કોર્ટ રૂબરૂમાં હાજર ઓળખી બતાવેલ. બચાવપક્ષે તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, સદર પંચસાહેદના પુરાવાથી આરોપીઓની આ કામે અટક કરવામાં આવેલાનુ પ્રસ્થાપિત થયેલ છે અને તે નિર્વિવાદ પણ નથી.

૧૨.૬ ફરીયાદપક્ષે સાહેદનં.૭ ડો.શ્રી રીતેશ કનુભાઈ રાઠવાનાઓ આંક–૨૧થી પુરાવો આપે છે કે, તેઓ છેલ્લા ૮ વર્ષથી ફતેપુરા સી.એચ.સી. ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તેઓએ એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરેલ છે. તેઓ તા.૦૯/૦૯/૨૦૨૦ના રોજ ફતેપુરા સી.એચ.સી. ખાતે તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે ફતેપુરા પો.સ.ઈ.ની યાદી સાથે મરણજનાર (૧) સરસ્વતીબેન જેસીંગભાઈ ડામોર (૨) કર્ણાવતીબેન જેસીંગભાઈ ડામોર (૩) વિરાજકુમાર જેસીંગભાઈ ડામોરનાઓની લાશનુ પી.એમ. કરવા સારૂ તેઓની પાસે લાવેલા. જે અસલ યાદી તેઓએ સ્વીકારેલી. જેમા સ્વીકારનાર તરીકે તેઓએ સહી ઓળખી બતાવી અસલ યાદી આંક–૨૨થી રજુ કરેલ. વધુમા તેઓ જણાવે છે કે, આ ત્રણેય લાશો તેઓને કલાક ૧૨:૪૫ વાગે મળેલી. જે પૈકી સરસ્વતીબેન જેસીંગભાઈ ડામોરની લાશનુ પી.એમ. તે જ દિવસે કલાક ૧:૦૦ વાગે શરૂ કરી કલાક ૨:૪૦ વાગે પુરુ કરેલુ. આ પી.એમ. તેઓ તથા તેઓની સાથેના પેનલ ડૉકટર હિરલબેન તાવીયાડનાઓએ કરેલુ. વધુમા તેઓ જણાવે છે કે, આ લાશનુ બાહય પરીક્ષણ કરતા આ લાશ એક સ્ત્રીની હતી. જેની ઉંમર ૩૨ વર્ષની હતી. તેને મરૂન કલરનો બ્લાઉઝ અને રાખોડી કલરનો ચણીયો પહેરેલ હતો. તેને બન્ને હાથે બંગડી પહેરેલ હતી. બન્ને કાનમા રીંગ પહેરેલ હતી અને નાક ઉપર રીંગ હતી. તેના કપડા ઉપર ઘાસ, માટી તેમજ રેતી ચોંટેલ હતી. આ લાશને સગાઓ ધ્વારા ઓળખવામા આવેલી. તેનુ શારીરીક બંધારણ સામાન્ય અને શરીર ઠંડુ હતુ. શરીર અકડાઈ જવાની પ્રક્રિયા પુર્ણ થઈ ગયેલ હતી. પી.એમ. લીવીડીટી સડવાની પ્રક્રિયા શરૂ થવાથી એપ્રીશીયેટ કરી શકાય તેમ ન હતી. ગ્રીન

કલરનુ માર્બલીંગ તેમજ ફોલ્લા શરીર ઉપર જોવા મળેલ હતા. તેની બન્ને આંખ બંધ હતી તેમજ આંખની કીકી સોફ્ટ હતી. મોઢુ અર્ધખુલ્લુ હતુ તેમજ જીભ બહાર આવી ગયેલ હતી. લાલ કલરનુ ફીણ વાળુ પ્રવાહી મોઢા તથા નાકમાથી જોવા મળેલુ. બાહ્ય જનેન્દ્રીયમા કોઈપણ જાતની ઈજા જોવા મળેલી નહી. તેના હાથ અને પગ સામાન્ય હતા. તેના શરીર ઉપર કોઈપણ જાતની બાહ્ય ઈજા જોવા મળેલ ન હતી. તેના શરીર ઉપર કોઈપણ બાહ્ય સ્પર્શથી જાણી શકાય તેવુ અસ્થિભંગ જોવા મળેલ ન હતુ. વધુમા તેઓ જણાવે છે કે, આ લાશની આંતરિક તપાસ કરતા તેના માથાની ત્વચામા કોઈપણ ઈજા જોવા મળેલ ન હતી. ખોપડીના ભાગે કોઈપણ અસ્થિભંગ જણાયેલ ન હતો. મગજ સામાન્ય તેમજ કંજસ્ટેડ હતુ. છાતીના ભાગે તપાસ કરતા કોઈ ફ્રેકચર જણાયેલ ન હતુ. ફેફસાનો પડદો સામાન્ય હતો. શ્વાસનળીમા લોહીવાળુ પ્રવાહી ફીણ જોવા મળેલુ. બન્ને ફેફસા ફુલેલા હતા તેમજ તેને કાપીને જોતા લોહીવાળુ ફીણ વાળુ પ્રવાહી જોવા મળેલુ. હૃદય સામાન્ય હતુ. પેટની દીવાલ સડવાના કારણે ફુલેલી હતી અને તેમા પેરીટોનીયલ પ્રવાહી જોવા મળેલ હતુ. અન્નનળી કંજસ્ટેડ હતી. હોજરી કંજસ્ટેડ હતી અને મ્યુકોઝા સામાન્ય હતા. તેના નાના તથા મોટા આંતરડામાથી ગેસ, મ્યુકસ તેમજ મળની હાજરી જોવા મળેલી હતી. યકૃત, અન્નાશય, બરોડ, મુત્રપિંડો, પેશાબની કોથળી કંજસ્ટેડ હતી. તેની કોથળી સામાન્ય હતી. કરોડરજ્જુ સામાન્ય હતી. વધુમા તેઓ જણાવે છે કે, તેના શરીરમાથી વિશેરા માટે જરૂરી સ ેમ્પલો લેવામા આવેલા અને તે શીલ કરી એફ.એસ.એલ. તપાસણી અર્થે પો.કો.ને સુપરત કરેલા. તેઓના અભિપ્રાય મુજબ મૃત્યુનુ સંભવિત કારણ ડુબી જવાથી ગુંગળામણના કારણે થયેલ હતુ. વધુમા તેઓ જણાવે છે કે, વિશેરા સેમ્પલને ફોર્મનં.૨ બી ભરી પો.કો. ને સોપેલા. જે ફોર્મ નં.૨ બી ની ઓફીસ કોપી–કુલ ૨ કાગળ તેઓના હસ્તાક્ષરમા છે. જે નીચે તેઓની સહી તથા તેઓના હોદ્દાનો સિકકો ઓળખી બતાવી આંક–૨૩થી રજુ કરેલ. વધુમા તેઓ જણાવે છે કે, આ મરણજનાર સરસ્વતીબેનની પી.એમ. નોટ તેઓએ તેઓના હસ્તાક્ષરમા રજુ કરેલી. તેમા તેઓની તથા તેઓની સાથેના પેનલ ડૉકટર હિરલબેનની સહી તથા હોદ્દાનો સિકકો ઓળખી બતાવી આંક–૨૪થી રજુ કરેલ. વધુમા તેઓ જણાવે છે કે, તેઓને મળેલ લાશો પૈકી કર્ણાવતીબેન જેસીંગભાઈ ડામોરની લાશનુ પી.એમ. તે જ દિવસે કલાક ૨:૪૦ વાગે શરૂ કરી કલાક ૩:૪૫ વાગે પુરુ કરેલુ. આ પી.એમ. તેઓ તથા તેઓની સાથેના પેનલ ડૉકટર હિરલબેન તાવીયાડના ઓએ કરેલુ. વધુમા તેઓ જણાવે છે કે, આ લાશનુ બાહ્ય પરીક્ષણ કરતા આ લાશ આશરે ૫ વર્ષની એક સ્ત્રી બાળકીની હતી. તેને શરીરે સ્કાય બ્લ્યુ કલરની જીન્સ ટોપ અને બ્રાઉન કલરની ચડ્ડી પહેરેલ હતી. તેને બન્ને હાથે ગુલાબી કલરની બંગડી પહેરેલ હતી. ગળામા કાળા કલરનો દોરો હતો. બન્ને કાનમા રીંગ પહેરેલ હતી. તેના કપડા ઉપર ઘાસ, માટી તેમજ રેતી ચોટેલ હતી. આ લાશને સગાઓ ધ્વારા ઓળખવામા આવેલી. તેનુ શારીરીક બંધારણ સામાન્ય અને શરીર ઠંડુ

હતુ. શરીર અકડાઈ જવાની પ્રક્રિયા પુર્ણ થઈ ગયેલ હતી. પી.એમ.લીવીડીટી સડવાની પ્રક્રિયા શરૂ થવાથી એપ્રીશીયેટ કરી શકાય તેમ ન હતી. ગ્રીન કલરનુ માર્બલીંગ તેમજ ફોલ્લા શરીર ઉપર જોવા મળેલ હતા. તેની બન્ને આંખ બંધ હતી તેમજ આંખની કીકી સોફટ હતી. મોઢુ અર્ધખુલ્લુ હતુ તેમજ જીભ મોઢાની અંદર હતી. લાલ કલરનુ ફીણ વાળુ પ્રવાહી મોઢા તથા નાકમાથી જોવા મળેલુ. બાહ્ય જનેન્દ્રીયમા કોઈપણ જાતની ઈજા જોવા મળેલી નહી. તેના હાથ અને પગ સામાન્ય હતા. તેના શરીર ઉપર કોઈપણ જાતની બાહ્ય ઈજા જોવા મળેલ ન હતી. તેના શરીર ઉપર કોઈપણ બાહ્ય સ્પર્શથી જાણી શકાય તેવુ અસ્થિભંગ જોવા મળેલ ન હતુ. વધુમા તેઓ જણાવે છે કે, આ લાશની આંતરિક તપાસ કરતા તેના માથાની ત્વચામા કોઈપણ ઈજા જોવા મળેલ ન હતી. ખોપડીના ભાગે કોઈપણ અસ્થિભંગ જણાયેલ ન હતો. મગજ સામાન્ય તેમજ કંજસ્ટેડ હતુ. છાતીના ભાગે તપાસ કરતા કોઈ ફ્રેકચર જણાયેલ ન હતુ. ફેફસાનો પડદો સામાન્ય હતો. શ્વાસનળીમા લોહીવાળુ પ્રવાહી ફીણ જોવા મળેલુ. બન્ને ફેફસા ફુલેલા હતા તેમજ તેને કાપીને જોતા લોહીવાળુ ફીણવાળુ પ્રવાહી જોવા મળેલુ. હૃદય સામાન્ય હતુ. પેટની દીવાલ સામાન્ય હતી. અન્નનળી કંજસ્ટેડ હતી. હોજરી કંજસ્ટેડ હતી અને મ્યુકોઝા સામાન્ય હતા. તેના નાના તથા મોટા આંતરડામાથી ગેસ, મ્યુકસ તેમજ મળની હાજરી જોવા મળેલી હતી. યકૃત, અન્નાશય, બરોડ, મુત્રપિંડો, પેશાબની કોથળી કંજસ્ટેડ હતી. તેની કોથળી સામાન્ય હતી. કરોડરજજુ સામાન્ય હતી. વધુમા તેઓ જણાવે છે કે, તેના શરીરમાથી વિશેરા માટે જરૂરી સેમ્પલો લેવામા આવેલા અને તે શીલ કરી એફ.એસ.એલ. તપાસણી અર્થે પો.કો. ને સુપરત કરેલા. તેઓના અભિપ્રાય મુજબ મૃત્યુનુ સંભવિત કારણ ડુબી જવાથી ગુંગળામણના કારણે થયેલ હતુ. વધુમા તેઓ જણાવે છે કે, વિશેરા સેમ્પલને ફોર્મનં.ર બી ભરી પો.કો.ને સોપેલા. જે ફોર્મનં.રબી ની ઓફીસ કોપી–કુલ ર કાગળ તેઓના હસ્તાક્ષરમા છે. જે નીચે તેઓની સહી તથા તેઓના હોદ્દાનો સિકકો ઓળખી બતાવી આંક–રપથી રજુ કરેલ. આ મરણજનાર કર્ણાવતીબેનની પી.એમ. નોટ તેઓએ તેઓના હસ્તાક્ષરમા રજુ કરેલી. તેમા તેઓની તથા તેઓના સાથેના પેનલ ડૉકટર હિરલબેનની સહી તથા હોદ્દાનો સિકકો ઓળખી બતાવી આંક– ૨૬ થી રજુ કરેલ. વધુમા તેઓ જણાવે છે કે, તેઓને મળેલ લાશો પૈકી વિરાજકુમાર જેસીંગભાઈ ડામોરની લાશનુ પી.એમ. તે જ દિવસે કલાક ૩:૪૫ વાગે શરૂ કરી કલાક ૪:૩૦ વાગે પુરુ કરેલુ. આ પી.એમ. તેઓ તથા તેઓની સાથેના પેનલ ડૉકટર હિરલબેન તાવીયાડનાઓએ કરેલ. વધુમા તેઓ જણાવે છે કે, આ લાશનુ બાહ્ય પરીક્ષણ કરતા આ લાશ આશરે ૩ મહિનાના પુરુષ બાળકની હતી. તેને શરીરે ગ્રીન કલરનુ ટીશર્ટ તથા સફેદ કલરનુ પોતીયુ પહેરેલ હતુ. બન્ને હાથ તથા પગ ઉપર કાળો દોરો બાંધેલ હતો તેમજ જમણા હાથે રાખડી બાંધેલ હતી. તેના કપડા ઉપર ઘાસ, માટી તેમજ રેતી ચોટેલ હતી. આ લાશને સગાઓ ધ્વારા

ઓળખવામા આવેલી. તેનુ શારીરીક બંધારણ સામાન્ય અને શરીર ઠંડુ હતુ. શરીર અકડાઈ જવાની પ્રક્રિયા પુર્ણ થઈ ગયેલ હતી. પી.એમ. લીવીડીટી સડવાની પ્રક્રિયા શરૂ થવાથી એપ્રીશીયેટ કરી શકાય તેમ ન હતી. ગ્રીન કલરનુ માર્બલીંગ તેમજ ફોલ્લા શરીર ઉપર જોવા મળેલ હતા. તેની બન્ને આંખ બંધ હતી તેમજ આંખની કીકી સોફ્ટ હતી. મોઢુ અર્ધખુલ્લુ હતુ તેમજ જીભ મો ની બહાર આવી ગયેલ હતી. લાલ કલરનુ ફીણ વાળુ પ્રવાહી મોઢા તથા નાકમાથી જોવા મળેલુ. બાહ્ય જનેન્દ્રીયમા કોઈપણ જાતની ઈજા જોવા મળેલી નહી તેમજ સડવાના કારણે ફુલી ગયેલા હતા. તેના હાથ અને પગ સામાન્ય હતા. તેના શરીર ઉપર કોઈપણ જાતની બાહ્ય ઈજા જોવા મળેલ ન હતી. તેના શરીર ઉપર કોઈપણ બાહ્ય સ્પર્શથી જાણી શકાય તેવુ અસ્થિભંગ જોવા મળેલ ન હતુ. વધુમા તેઓ જણાવે છે કે, આ લાશની આંતરિક તપાસ કરતા તેના માથાની ત્વચામા કોઈપણ ઈજા જોવા મળેલ ન હતી. તેના ખોપડીના હાડકા જોડાવાની શરૂઆત થતી હતી અને તેના આગળના ભાગનુ હાડકુ પુરેપુરુ જોડાયેલ ન હતુ. મગજ સામાન્ય તેમજ કંજસ્ટેડ હતુ. છાતીના ભાગે તપાસ કરતા કોઈ ફ્રેકચર જણાયેલ ન હતુ. ફેફસાનો પડદો સામાન્ય હતો. શ્વાસનળીમા લોહીવાળુ પ્રવાહી ફીણ જોવા મળેલુ. બન્ને ફેફસા ફુલેલા હતા તેમજ તેને કાપીને જોતા લોહીવાળુ ફીણ વાળુ પ્રવાહી જોવા મળેલુ. હૃદય સામાન્ય હતુ. પેટની દીવાલ સામાન્ય હતી. અન્નનળી કંજસ્ટેડ હતી. હોજરી કંજસ્ટેડ હતી અને મ્યુકોઝા સામાન્ય હતા. તેના નાના તથા મોટા આંતરડામાથી મ્યુકસ તેમજ મળની હાજરી જોવા મળેલી હતી. યકૃત, અન્નાશય, બરોડ, મુત્રપિંડો, પેશાબની કોથળી કંજસ્ટેડ હતી. તેની કોથળી સામાન્ય હતી. કરોડરજ્જુ સામાન્ય હતી. તેના શરીરમાથી વિશેરા માટે જરૂરી સેમ્પલો લેવામા આવેલા અને તે શીલ કરી એફ.એસ.એલ. તપાસણી અર્થે પો.કો.ને સુપરત કરેલા. તેઓના અભિપ્રાય મુજબ મૃત્યુનુ સંભવિત કારણ ડુબી જવાથી ગુંગળામણના કારણે થયેલ હતુ. વિશેરા સેમ્પલને ફોર્મ નં. ૨બી ભરી પો.કો.ને સોપેલા. જે ફોર્મનં.૨બી ની ઓફીસ કોપી તેઓના હસ્તાક્ષરમા છે. જે નીચે તેઓની સહી તથા તેઓના હોદ્દાનો સિકકો ઓળખી બતાવી આંક–૨૭થી રજુ કરેલ. આ મરણજનાર વિરાજકુમારની પી.એમ.નોટ તેઓએ તેઓના હસ્તાક્ષરમા રજુ કરેલી. જેમા તેઓની તથા તેઓની સાથેના પેનલ ડૉકટર હિરલબેનની સહી તથા હોદ્દાનો સિકકો ઓળખી બતાવી આંક–૨૮થી રજુ કરેલ. તેઓને એફ.એસ.એલ. સુરતનો ફોરવર્ડીંગ લેટર સાથે ઝેરશાસ્ત્રનો રીપોર્ટ બતાવતાં, જેમા ત્રણેય મરણજનારના સેમ્પલમાથી કોઈપણ પ્રકારના ઝેરની હાજરી જોવાયેલ નથી તેમ જણાવેલ છે જે રીપોર્ટ કુલ ૨ પાનાને આંક–૨૯થી રજુ કરેલ. તેઓને એફ.એસ.એલ., વડોદરાનો ફોરવર્ડીંગ લેટર સાથે બાયોલોજી વિભાગનો રીપોર્ટ બતાવતાં, જેમા ત્રણેય મરણજનારના સ્ટર્નલ બોનમા તેમજ બનાવવાળી જગ્યાએથી પાણીના સેમ્પલમા ડાયેટમ્સની હાજરી જોવા મળેલ હતી. જે રીપોર્ટ ૩ પાનાને આંક–૩૦થી રજુ કરેલ. તેઓએ આંક ૨૯ તથા ૩૦

વાળા રીપોર્ટ જોઈને ત્રણેય મરણજનારનુ ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આપેલ જે સર્ટીફીકેટ તેઓના હસ્તાક્ષરમા છે અને નીચે તેઓની સહી ઓળખી બતાવી અનુક્રમે આંક–૩૧ થી ૩૩ સુધી રજુ કરેલ. તેઓના અભિપ્રાય મુજબ ત્રણેય મરણજનારનુ મૃત્યુ કારણ "પાણીમા ડુબી જવાથી ગુંગળામણના કારણ" થયેલ છે. બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેમના અવલોકન મુજબ આ લાશની આં તરિક તપાસ કરતા તેના માથાની ત્વચામા કોઈપણ ઈજા જોવા મળેલ ન હતી. ખોપડીના ભાગે કોઈપણ અસ્થિભંગ જણાયેલ ન હતો. મગજ સામાન્ય તેમજ કંજસ્ટેડ હતુ. છાતીના ભાગે તપાસ કરતા કોઈ ફ્રેકચર જણાયેલ ન હતુ. ઉપરાંત, તેઓના અભિપ્રાય મુજબ મૃત્યુનુ સં ભવિત કારણ ડુબી જવાથી ગુંગળામણના કારણે થયેલ હતુ. જેથી સદર સાહેદ તટસ્થ સાહેદ કહી શકાય પરંતુ તેઓના પુરાવાથી તેમજ અન્ય મહત્વના સાહેદોના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ આરોપીઓને કારણે બનાવ બનેલ હોવાનુ કે આરોપીઓ દ્વારા માનસિક શારીરિક ત્રાસને કારણે બનવા પામેલ હોવા અંગે કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી.

૧૨.૭ ફરીયાદપક્ષે સાહેદનં.૮ તખતસીંહ ખુશાલસીંહ સીસોદીયાનાઓ આંક–૩૪થી પુરાવો આપે છે કે, તેઓ તા.૮/૯/૨૦૨૦ના રોજ કલાક ૧૦.૧૫ થી ૨૪.૦૦ સુધી ફતેપુરા પો.સ્ટે.મા પી.એસ.ઓ. તરીકે તેઓની ફરજ પર હાજર હતા ત્યારે ફરીયાદી સોમાભાઈ કલજીભાઈ પારગીના ઓએ તેમની દિકરી સાથે બનેલ બનાવ સંબધેની ફરીયાદ પી.એસ.આઈ. સી.બી. બરંડાના ઓ રુબરુ આપેલ જે લેખિત ફરીયાદ તેઓના તરફ ગુનો રજી. થવા આવતા તેઓએ તેને ફતેપુરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૫૦૯/૨૦૨૦ ઈ.પી.કો.ની કલમ ૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબનો ગુનો રજી. કરી આગળની તપાસ પી.એસ.આઈ. સી.બી.બરંડાનાઓને ડેપ્યુટ કરેલ. તેઓ આજરોજ તા.૮/૯/૨૦૨૦ ના રોજની સ્ટેશનડાયરી નોધ લાવેલ જેમા અનુ.નં.૯ ઉપર કલાક ૨૦.૧૫ વાગે હાલના ગુનાની નોધ કરેલ જે સ્ટેશનડાયરીની ઓનલાઈન નકલ આંક–૩૫ થી રજુ કરેલ. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યા સિવાય તથા ગુનો રજી. કર્યા સિવાય બીજી કોઈ અન્ય કામગીરી તેઓએ કરેલ નથી. આમ, સદર સાહેદે રેકર્ડ આધારી પુરાવો આપેલ છે જેમાં મરણજનારને તારે અમોને પુછીયા વગર ઘરમાં કોઈ વસ્તુને અડવાનુ નહી તેમ કહી મ્હેણા ટોણા મારતા હોય અને કહેતા હોય કે આના કરતા તું મરી જાય તો સારૂ તેમ કહી માનસિક ત્રાસ આપતા હોવા અંગે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જે આધારે આરોપીઓને કારણે બનાવ બનેલ હોવાનુ કે આરોપીઓ દ્વારા માનસિક શારીરિક ત્રાસને કારણે બનવા પામેલ હોવા અંગે કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી.

૧૨.૮ ફરીયાદપક્ષે સાહેદનં.૯ જવરાભાઈ કલજીભાઈ પારગીનાઓને આંક–૩૬ થી તપાસવામાં

આવેલા છે અને તેઓએ પુરાવો આપેલ છે કે, તેઓ સરાડ ગામે તેઓના પરીવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. આ કામના મરણજનાર સરસ્વતીબેન તેઓના ભત્રીજી થતા હતા. બનાવ આશરે ત્રણેક વર્ષ અગાઉ બનેલો. તે દિવસે તેઓ તેમના ઘરે હતા. તે વખતે તેઓના ભત્રીજા ફતેસીગભાઈનાઓએ તેઓને બનાવની જાણ કરેલી કે, તમારી ભત્રીજી સરસ્વતીબેન તેના ૨ બાળકો સાથે કુવામાં પડી મરણ ગયેલ છે. તેવી જાણ થતા તેઓ તથા તેઓના કુંટુંબીજનો તથા ગામના આગેવાનો નાના શરણાયા ગામે તેઓની ભત્રીજીના ઘરે ગયેલા અને જોયેલ તો તેઓની ભત્રીજી તથા તેની છોકરી તથા છોકરાની લાશ કુવાની બહાર મરણ હાલતમાં પડેલ હતી. આ તેઓની ભત્રીજી સરસ્વતીને તેના પતિ તથા તેના સાસુ–સસરા કામકાજ બાબતે તેમજ, તારા બાપાના ઘરેથી કશુ લાવી નથી તેમ કહી ત્રાસ આપતા હતા. આ બનાવ અગાઉ પણ તેઓની ભત્રીજી રીસાઈને તેઓના ઘરે આવતી હતી તે વખતે તેના પતિ તથા તેના સાસુ–સસરા ત્રાસ આપતા હોવાની જાણ તેઓને કરતી હતી પરંતુ તેઓ તેના નાના છોકરા હોય તેને સમજાવીને સાસરીમાં મોકલી આપતા હતા. આ તેઓની ભત્રીજીએ તેના પતિ તથા તેના સાસુ–સસરાના ત્રાસને કારણે તેના ૨ બાળકો સાથે કુવામાં પડી જઈ મરણ ગયેલ છે. આ ત્રણે લાશને સરકારી દવાખાને લઈ ગયેલ અને ત્યાં પી.એમ. કરેલ ત્યારબાદ તે લાશોને સાસરીવાળાઓને સોપતા તેની અંતિમ વિધી કરેલ. બનાવની ફરીયાદ તેઓના મોટાભાઈ સોમાભાઈ એ આપેલી. આરોપીઓ કોર્ટમા હાજર છે તેમ ઓળખી બતાવેલ. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે સરસ્વતીબેન બાવીસ વર્ષના હતા ત્યારે તેણીના લગ્ન કરેલા. તેઓ સ્વિકારે છે કે, ફરીયાદી તથા તેઓ અલગ અલગ ઘરમાં રહે છે. તેઓ જણાવે છે કે ગુજરનાર સરસ્વતીબેને મૃત્યુના ત્રણેક માસ અગાઉ ૧ પુત્રને જન્મ આપેલો. તેઓ સ્વિકારે છે કે, મરણજનાર સરસ્વતીબેનની ડીલીવરી ઓપરેશનથી તેણીની સાસરીમાં થયેલી. તે વખતે તેઓ તેની ખબર લેવા ગયેલ હતા. તેઓ સ્વિકારે છે કે, ઓપરેશન થયેલ હોવાથી તેણીને કામકાજ કરવાની ના પાડેલી. તેઓ સ્વિકારે છે કે, સરસ્વતીબેન તેણીની સાસરીમાં બાળકો સાથે સુખ શાંતીથી રહેતી હતી. તેઓ સ્વિકારે છે કે, તેઓના ભાઈએ આરોપીઓ તેઓની ભત્રીજીને ત્રાસ આપતા હતા તેવી ફરીયાદ આપેલ તે આધારે ત્રાસ અંગેની જુબાની આપે છે. આમ, સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો મરણજનારની અંતિમક્રિયા આરોપીઓને ત્યાં કરવામાં આવેલાની હકીકતો રેકર્ડ પર આવેલ છે. ઉપરાંત, બનાવ આરોપીઓને કારણે બનાવ પામેલ હોય તેવુ રેકર્ડ પર સ્પષ્ટ થયેલ નથી. સદર સાહેદના પુરાવામાં એક નવી હકીકતો રેકર્ડ પર આવેલ અને તેઓના પુરાવા મુજબ આરોપીઓ મરણજનારને તારા બાપના ઘરેશી કશું લાવી નથી તેમ કહી ત્રાસ આપતા હતા તેવી હકીકતો જણાવે છે પરંતુ તેવી કોઈ જ હકીકતો મરણજનારના પિતા ફરીયાદી કે અન્ય કોઈ સાહેદો જણાવતા નથી જે શંકાઓ ઉપસ્થિત કરે છે. સદર સાહેદ ઉલ્ટાનુ બચાવપક્ષે ઉલટતપાસમાં

સ્વીકારે છે કે મરણજનાર સરસ્વતીબેન તેણીની સાસરીમાં બાળકો સાથે સુખશાંતીથી રહેતી હતી. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીઓને કારણે બનાવ બનેલ હોવાનુ કે આરોપીઓ દ્વારા માનસિક શારીરિક ત્રાસને કારણે બનવા પામેલ હોવા અંગે કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી.

૧૨.૯ ફરીયાદપક્ષે સાહેદનં.૧૦ ચેતનભાઈ બાબુભાઈ બરંડા તપાસ કરનાર અમલદારનાઓ આંક–૩૭થી પુરાવો આપે છે કે, તેઓ તા.૮/૯/૨૦૨૦ના રોજ ફતેપુરા પો.સ્ટે.મા પી.એસ.આઈ. તરીકે તેઓની ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી સોમાભાઈ કલજીભાઈ પારગી રહે.સરાડ, તા.સંતરામપુરનાઓએ તે જ દિવસે રાત્રીના ૨ વાગ્યાથી ૬ વાગ્યે દરમિયાન બનેલ બનાવ સબંધી ફરીયાદ આપેલી જે ફરીયાદની ટૂંકમા હકીકત એવી છે કે સોમાભાઈ કલજીભાઈ પારગીની દિકરી મરણજનાર સરસ્વતિબેનના લગ્ન આ કામના આરોપી જેસિંગભાઈ વેલજીભાઈ ડામોરનાઓ સાથે દસેક વર્ષ પહેલા કરેલા. લગ્ન બાદ આ કામના તમામ આરોપીઓ તેમની છોકરીને શારીરીક તેમજ માનસિક ત્રાસ આપી કહેતા હતા કે, ‘તને કોઈ કામકાજ કરતા આવડતું નથી અને તારે અમોને પુછયા વગર ઘરમા કોઈ વસ્તુ ને અડકવુ નહી’ તેમ કહી મેણા ટોણા મારી કહેતા હતા કે આના કરતા તું મરી જાય તો સારુ તેમ કહી માનસિક ત્રાસ આપતા મરણજનાર સરસ્વતીબેને તેના પોતાના બાળકો જેમા દિકરી કર્ણાવતીબેન ઉ.વ.૫ તથા દિકરો વિરાજ ઉ.વ.૩ માસનાને સાથે લઈ કુવાના પાણીમા પડી આપઘાત કર્યા સબંધીની વિગતવારની ફરીયાદ તેઓના રુબરુ આપતા તેઓએ તે ફરીયાદ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલી અને તેની નીચે ફરીયાદીની સહી લીધેલી અને રૂબરૂમા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૮ વાળી અસલ ફરીયાદ બતાવતા, તે તે જ હોવાનુ ઓળખી બતાવેલ. વધુમાં તેઓ પુરાવો આપે છે કે, આ લેખિત ફરીયાદને તેઓએ પી.એસ.ઓ. ટી.કે. સિસોદિયાનાઓ તરફ ગુન્હો રજીસ્ટર થવા સારુ મોકલતા તે ફતેપુરા ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૫૦૯/૨૦૨૦, ઈ.પી.કો. કલમ–૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબનો ગુન્હો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તે તપાસ સંભાળેલી. વધુમાં તેઓ પુરાવો આપે છે કે, તેઓએ આ ગુન્હાના કામે તા ૯/૯/૨૦૨૦ ના રોજ ફતેપુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જઈ ૩ તટસ્થ પંચોની હાજરીમા તેમજ એકિઝકયુટી મેજી., ફતેપુરાની હાજરીમા ત્રણેય મરણ જનારની લાશ ઉપરનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને તેમા પંચોએ તેઓની હાજરીમા સહીઓ કરેલી અને તેમજ રૂબરૂમા તેઓ તથા મામલતદારશ્રી, ફતેપુરાનાઓએ સહી કરેલી. તેઓને આંક–૧૪ વાળુ પંચનામુ બતાવતાં, તે ઓળખી બતાવેલ. વધુમાં તેઓ પુરાવો આપે છે કે, ત્યારબાદ લાશને યાદી સાથે પી.એમ. કરવા સારુ મોકલી આપેલ જે યાદી આ કામે આંક–૨૨ થી રજુ છે તેમા તેઓની સહી ઓળખી બતાવેલ. પી.એમ. થયા બાદ ત્રણેય મરણ જનારની પી.એમ. નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટીફિકેટ મેળવી કેસ

કાગળો સાથે સામેલ રાખેલા જે આંક–૨૪, આંક–૨૬, આંક–૨૮ તથા આંક– ૩૧ થી ૩૩ થી રજુ છે. પી.એમ. થયા બાદ ડોકટરશ્રીએ વીસેરા સેમ્પલ તથા મરણજનારનાઓના કપડા એ.એસ.આઈ. રમેશભાઈ ચતરાભાઈ નાઓને આપેલા જે કપડા તેમણે પી.એસ.ઓ. મહેન્દ્રભાઈ કલજીભાઈનાઓ રૂબરૂ રજુ કરતા તે કપડા પી.એસ.ઓ.એ પંચોની હાજરીમા આંક–૧૬ના પં ચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલા. વધુમાં તેઓ પુરાવો આપે છે કે, આ ગુન્હાના કામે તા.૯/૯/૨૦૨૦ ના કલાક ૧૬.૩૦થી ૧૭.૩૦ દરમિયાન ૨ પંચોને સાથે રાખી ફરીયાદ સોમાભાઈ કલજીભાઈ પારગીના ઓએ બનાવવાળી જગ્યા બતાવેલી જે જગ્યાનું પંચોની હાજરીમા આંક–૧૫ વાળુ પંચનામું કરેલુ. આ પંચનામા વખતે તેઓએ કુવામાંથી ૧ પ્લાસ્ટિકની બોટલમા પાણીનું સેમ્પલ લઈ શીલ કરી કબજે લીધેલ. તેઓને આંક–૧૫ વાળુ પંચનામું બતાવતા તેમા પંચોએ સહી કરેલી અને રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. તેઓએ આ ગુન્હાના કામે લાગતા વળતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખી લીધેલા. વધુમાં તેઓ પુરાવો આપે છે કે, તા.૧૦/૯/ ૨૦૨૦ના રોજ આ કામના આરોપી જેસિંગભાઈ વેલજીભાઈ ડામોરનાઓને ૨ તટસ્થ પંચોની હાજરીમા અટક કરી આંક–૧૭ વાળુ પંચનામુ કરેલુ અને તેમા પંચો તેઓની હાજરીમા સહી–અંગુઠા કરી જેમા રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. આ ગુન્હાના કામે તા.૧૧/૯/૨૦૨૦ ના રોજ સાયન્ટિફિક ઓફિસરશ્રી પી.કે.પટેલનાઓએ સ્થળ પર જઈ સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલો જેમા સાયન્ટિફિક ઓફિસરશ્રી પી.કે.પટેલની સહી ઓળખી બતાવી આંક–૩૮ થી રજુ કરેલ. કબજે કરેલ મુદ્દામાલ તા.૨૫/૯/૨૦૨૦ના રોજ એફ.એસ.એલ., વડોદરા ખાતે પૃથ્થકરણ કરવા સારુ મોકલી આપેલો જે અંગેની રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્રમા તેઓની સહી છે સત્તા અંગેના પ્ર માણપત્રમા ના.પો.અધિ.શ્રી બી.વી.જાદવના ઓની સહી ઓળખી બતાવી આંક–૩૯ થી રજુ કરેલ. વધુમાં તેઓ પુરાવો આપે છે કે, ડોકટરશ્રીએ આપેલ વિશેરા સેમ્પલ તા.૨૫/૯/૨૦૨૦ના રોજ એફ.એસ.એલ. સુરત ખાતે પૃથ્થકરણ કરવા સારુ મોકલી આપેલો જે અંગેની રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્રમા તેઓની સહી છે સત્તા અંગેના પ્ર માણપત્રમા ના.પો.અધિ.શ્રી બી.વી.જાદવના ઓની સહી ઓળખી બતાવી આંક–૪૦ થી રજુ કરેલ. વધુમા તેઓ જણાવે છે કે, મુદ્દામાલ પરીક્ષણ થઈને આવેલા. જે આંક–૩૦ વાળા એફ.એસ.એલ. વડોદરાનો રીપોર્ટ ની ઝેરોક્ષ નકલ આ કામે આંક–૩૦ થી રજુ છે જે અસલ રીપોર્ટ આંક–૪૧ થી રજુ કરેલ તથા આંક–૨૯ થી રજુ એફ.એસ.એલ., સુરતનો રીપોર્ટ આવેલો. વધુમા તેઓ જણાવે છે કે, તપાસના અંતે આરોપી જેસિંગભાઈ વેલજીભાઈ ડામોરનાઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલુ. ત્યારબાદ તા.૨/૧૧/૨૦૨૦ ના રોજ આ કામના આરોપી વેલજીભાઈ ગમલાભાઈ ડામોર તથા લલીતાબેન વેલજીભાઈ ડામોરનાઓને તટસ્થ પંચોની

હાજરીમા અટક કરી શરીર સ્થિતિનું પંચનામુ કરેલુ. તેઓને આંક–૨૦વાળુ પંચનામું બતાવતા તેમા પંચોએ તેઓની રૂબરૂમા સહીઓ કરેલી અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. તપાસના તમામ કાગળો વંચાણે લેતા સદર આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ તા.૨૪/૨/૨૦૨૨ના રોજ પુરવણી ચાર્જશીટ કરેલુ. આરોપીઓને તેઓ ઓળખે છે. જેઓ આજરોજ નામદાર કોર્ટમા હાજર છે તે જ છે. તેઓને મુદ્દામાલ બતાવતા તેઓ ઓળખી શકે. વધુમા તેઓ જણાવે છે કે, તેઓએ આ ગુન્હાના કામે સાહેદ ઉમેશભાઈ બચુભાઈ પારગીનુ તા.૯/૯/૨૦૨૦ના રોજ નિવેદન લીધેલુ. તેઓએ તેઓના રૂબરૂના જવાબમા એવુ લખાવેલ કે ‘બનાવ બાબતે છોકરીના પિતા સોમાભાઈ તથા ઘરના માણસોથી જાણવા મળેલ કે, મરનાર છોકરીને તેનો પતિ, સાસરુ એ મારકુટ કરી શારીરીક માનસીક ત્રાસ આપતા હતા પરંતુ તેનુ ઘર ન ભાગે તે સારુ તેઓ તેને સમજાવીને મોકલી આપતા હતા. આ સરસ્વતી બેનને તેના પતિ તથા તેના સાસુ સસરા શારીરીક માનસીક ત્રાસ આપતા તેણીથી સહન ન થતા તેણી પોતાના ૨ છોકરાઓને લઈ કુવામા પડી ગયેલ. બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે બનાવની ફરીયાદ તેઓના રૂબરૂની છે. તેઓ જણાવે છે કે ફરીયાદ નોંધાયા બાદ તેની સંપુર્ણ તપાસ તેઓએ કરી અને ચાર્જશીટ નામદાર કોર્ટમાં કરેલુ. તેઓ સ્વિકારે છે કે, ફરીયાદી સોમાભાઈ કલજીભાઈ પારગીનાઓએ તેઓની ફરીયાદમાં આરોપી વિરૂધ્ધ પાકો શક વહેમ હોઈ તેમ ફરીયાદમાં જણાવેલ. તેઓ સ્વિકારે છે કે, તેઓના ઈન્કવેસ્ટ પંચનામા દરમિયાન આ ગુજરનાર ત્રણેય જણાની લાશો પર કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલાનહીં. તેઓ સ્વિકારે છે કે, ગુજરનાર ૨ નાના બાળકોને લઈને જાતે કુવામાં પડી ગયેલ. તેઓ સ્વિકારે છે કે, જેસીંગભાઈનુ ગુજરનાર સરસ્વતીબેનની સાથેનુ લગ્ન જીવન આશરે દશેક વર્ષ અગાઉનુ હતુ. તેઓ સ્વિકારે છે કે, તેઓની તપાસ દરમિયાન ગુજરનાર સરસ્વતીબેન કે તેઓના માતા પિતા દ્વારા ગુજરનારને ત્રાસ હોવા સબંધી હાલની ફરીયાદ અગાઉ કોઈ ફરીયાદ કે અરજી તેઓના પોલીસ સ્ટેશનમાં કરેલ હોય તેવુ આવેલ નથી. તેઓ સ્વિકારે છે કે, ગુજરનારની બનાવના ૧–૨ દિવસ અગાઉ કોઈની જોડે મોબાઈલ પર વાત થયેલ હોય તેવુ તપાસમાં ખુલેલુ નહીં. તેઓ સ્વિકારે છે કે, તેઓની તપાસ દરમિયાન બનાવના ૩ માસ અગાઉ ગુજરનાર સરસ્વતીબેનને સિઝરથી ડિલેવરી થયેલુ તેવુ ખુલેલુ. તેઓ સ્વિકારે છે કે, ડિલેવરી બાદ ગુજરનાર તેના પતિના ઘરે રહેતી હતી. તેઓ સ્વિકારે છે કે, ફરીયાદી સોમાભાઈ ગુજરનારના પિતા છે, સાહેદ માનસિંગભાઈ ગુજરનારના કાકા થાય છે, સાહેદ શારદાબેન ગુજરનારની કાકી થાય છે, સાહેદ ઉમેશભાઈ પિયરપક્ષ ગામના સરપંચ છે, ફતેસિંહભાઈ, દક્ષાબેન અને જવરાભાઈ તે સરસ્વતીબેને પિયરપક્ષના કુટુંબીજનો છે. તેઓ સ્વિકારે છે કે,

ગુજરનારની સાસરીપક્ષના રહેઠાણની આજુબાજુની વ્યકિતઓના નિવેદનો તપાસના કામે લીધેલા. તેઓ સ્વિકારે છે કે, ગુજરનારની સાસરી પક્ષના રહેઠાણની આજુબાજુની વ્યકિતઓના નિવેદનો લીધેલ તેમાં એવી હકીકત સમાન ધોરણે ખુલેલ કે ગુજરનાર અને તેના પતિ તથા સાસુ સસરા સાથે તેને ઝઘડો કે તકરાર થયેલાનુ તથા પિયરમાં રીસાઈને ગયેલ હોય તેવુ જાણમાં ન હતું. તેઓ સ્વિકારે છે કે, તેઓની તપાસ દરમિયાન આરોપીપક્ષ દ્વારા ગુજરાનર પાસે દહેજની માંગણી કરવામાં આવેલ હોય તેવુ ખુલેલ નહીં. તેઓ સ્વિકારે છે કે, ફરીયાદી સોમાભાઈ કલજીભાઈ પારગીના ઓએ તેઓની ફરીયાદમાં ''મારી દિકરી તથા ૨ છોકરાઓને અમારા જમાઈ જેસિંગભાઈ એ મારી નાખેલા જેથી મેં મારા જમાઈ અને તેની માતા તથા પિતા સામે ફતેપુરા મુકામે ફરીયાદ કરેલી.'' તેવુ જણાવેલ નહીં. તેઓ સ્વિકારે છે કે, તેઓની રૂબરૂના સાહેદ ફતેસિંહભાઈના નિવેદનમાં ગુજરનારને ફતેસિં હભાઈ સાથે બનાવ અગાઉ વાતચીત થયેલ હોય તેવુ જણાવેલ નહીં. આમ, સદર સાહેદનાઓની રૂબરૂ ફરીયાદ નોંધવામાં આવેલ તેમજ તપાસ પણ તેઓએ કરેલ હોય આરોપીઓના ઘરની આજુબાજુના રહેવાસીઓના નિવેદનોમાં આરોપીઓ તરફથી મરણજનારને કોઈ માનસિક શારીરિક ત્રાસની હકીકતો જાણમાં આવેલ નહી. ઉપરાંત, મરણજનારના સંબંધીઓના પુરાવામાં કરેલ ચર્ચાઓ મુજબ પણ આરોપીઓ દ્વારા મરણજનારને કોઈ દહેજની માંગણી કરી માનસિક શારીરિક ત્રાસ આપતા હોવા અંગેનો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર આવેલ નહી. વળી, સદર સાહેદના પુરાવામાં જ સ્વીકારેલ કે ફરીયાદી સોમાભાઈ કલજીભાઈ પારગીનાઓએ તેઓની ફરીયાદમાં આરોપીઓ વિરૂધ્ધ પાકો શક વહેમ હોઈ તેમ જણાવેલ પરંતુ કોઈ સ્પષ્ટ કારણો સર કે આધારભુત સંજોગોમાં ફરીયાદ કરવામાં આવેલ નથી તેમ સ્પષ્ટ થયેલ છે. મરણજનારના અંતિમક્રિયાઓ પણ આરોપીઓના ઘરે જ કરવામાં આવેલ હોય અને મરણજનાર અને આરોપી તેના પતિ વચ્ચેનુ લગ્ન જીવન ૧૦ વર્ષથી વધુનુ તેમજ ૨ બાળકો હોય અને મરણજનારનુ ઓપરેશનથી બાળક આવેલ હોય ત્યારે આરોપીઓ તર્ફે મરણજનારને કોઈ ત્રાસ હોત તો ક્યાં રેકર્ડ પર તેણી લાવી શકી હોત અથવા તેણીના પિતા કે અન્ય સંબંધી દ્વારા કે પંચમાં આ હકીકતો રેકર્ડ પર આવી હોત. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીઓને કારણે બનાવ બનેલ હોવાનુ કે આરોપીઓ દ્વારા માનસિક શારીરિક ત્રાસને કારણે બનવા પામેલ હોવા અંગે કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી.

૧૩. ઉપરોકત તમામ સાહેદોના પુરાવામાં કરેલ ચર્ચા ઉપરાંત, રેકર્ડ પરના પુરાવાને સંકલીત કરી પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, મરણજનારના કુટુંબીજનોના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ કહેવાતા બનાવમાં આરોપીઓની કોઈ સંડોવણી હોય કે તેઓના કારણે આ બનાવ બનવા પામેલ હોય તેવો કોઈ જ સચોટ અને સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ઉલ્ટાનુ ઉપરોક્ત સાહેદોના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ બનાવ અંગે ફરીયાદમાં જણાવેલ કારણો અને સંજોગો અંગે શંકાઓ ઉપસ્થિત થાય છે. વળી,

મરણજનાર બાબતે બનાવ પહેલા આરોપીઓની વર્તણુંક પણ આક્ષેપો વિરૂધ્ધનુ રેકર્ડ પર સુચવે છે જેવાં કે આરોપીઓના ધરે મરણજનારની ડીલીવરી અને તે બાદ તેમની સાથે જ તેણીનુ જીવન ચાલેલાનુ રેકર્ડ પર સ્પષ્ટ થયેલ છે. ઉપરાંત, સાહેદોના પુરાવામાં મ્હેણા ટોણા વિગેરે અંગે કોઈ સ્પષ્ટ અને શંકા સિવાયનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે દહેજ અંગેની કોઈ માંગણી કરેલ હોય તેવો પણ પુરાવો આવેલ નથી અને બનાવ અંગેના કારણો અંગે સાહેદોના પુરાવામાં વિરોધાભાસી અને વિસંગત હકીકતો રેકર્ડ પર આવેલ તેની ચર્ચા અગાઉ કરવામાં આવેલ છે. સાહેદના ડૉકટરના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ મરણજનારના શરીરો પર કોઈ ઈજાના નિશાનો જણાયેલ નહી અને કૉઝ ઓફ ડેથનુ કારણ લક્ષમાં લેતાં ફરીયાદમાં કરેલ આક્ષેપો અંગે શંકાઓ ઉપસ્થિત કરેલ છે. ઉપરાંત, પોલીસ સાહેદોએ પોતાની કાર્યવાહીના ભાગરુપે જે કામગીરી કરી તે બાબતનો પુરાવો આપેલો છે. આ કામે ફરીયાદપક્ષે બનાવ સ્થળની આજુબાજુ રહેણાંકના મકાનો તથા લોકોની તપાસમાં આરોપીઓ વિરૂધ્ધની કોઈ હકીકતો તપાસ કરનારને મળી આવેલ નથી.

૧૪. ક્રિમીનલ જયુરીડીકશનના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે અને કડીબધ્ધ રીતે પુરવાર કરવો જોઈએ. જયારે બનાવમાં કોઈ નજરે જોનાર સાક્ષી ન હોય તો તે સાંયોગીક પુરાવાથી પુરવાર થઈ શકે પરંતુ જયારે બનાવ વખતે કથીત સાહેદ હાજર રહેલ હોય અને ફરીયાદપક્ષના કેસ મુજબ તેઓ કથીત બનાવ નજરે જોયેલાનુ કથન હોય ત્યારે ભારતીય પુરાવા અધિનિયમ અન્વયે દાર્શનીક પુરાવો એ સર્વશ્રેષ્ઠ પુરાવો છે અને દાર્શનીક પુરાવાના આધારે કેસ પુરવાર થઈ શકે પરંતુ હાલના કામે કહેવાતા દાર્શનીક સાહેદોનાં પુરાવામાથી આરોપીઓને કારણે બનાવ બનવા પામેલ હોય તેવો કોઈ જ સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થયેલ નથી અને ઉલ્ટાનુ શંકાઓ ઉપસ્થિત થયેલ છે. ઉપરાંત, મેડીકલ પુરાવા તેમજ ડૉકટર સાહેદના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ આરોપીઓને કારણે કોઈ બનાવ બનવા પામેલ હોય તેવુ રેકર્ડ પર સ્પષ્ટ થયેલ નથી. આ તમામ સંજોગોમાં આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી. ત્યારે શંકાનો લાભ ક્રિમીનલ જયુરીડીકશનનાં સિધ્ધાંત મુજબ આરોપીઓને આપવો જોઈએ. જેને ધ્યાને લઈ **<u>મુદાનં.૧ નો જવાબ નકાર</u>**માં આપી **મુદા નં.૨** અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ....ક....મ.</u>**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓનં(૧) જેસીંગભાઈ વેલજીભાઈ ડામોર, ઉ.વ.આ.૨૫, ધંધોઃખેતી, (૨) વેલજીભાઈ ગમનાભાઈ ડામોર, ઉ.વ.આ.૬૪, ધંધોઃખેતી, (૩) લલીતાબેન વા/ઓ. વેલજીભાઈ ડામોર, ઉ.વ.આ.૬૨, ધંધો–ઘરકામ, તમામ રહે.નાના સરણાયા, તળાવ ફળીયા, તા.ફતેપુરા, જી.દાહોદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬, ૪૯૮(ક) તથા ૧૧૪ મુજબ ના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(ક) ની જોગવાઈને આધીન આરોપીઓએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી રકમના જાતમુચરકાના જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવાના રહેશે.

(૩) અપીલ સમય વીત્યે મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ તા. ૩૦મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દાહોદ
તા. ૩૦/૦૯/૨૦૨૪

(હર્ષદ શામરાવ ખુટવડ )
ત્રીજા એડીશ્નલ સેસન્સ જજ,
દાહોદ – જી જે ૦૦૭૨૪.